આકાશવાણી-ભુજ

સમાચાર વાચકઃ- અસરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-05-12-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કૃષિ વૈજ્ઞાનિકોને કુદરતી આપત્તિઓ, જળવાયુ પરિવર્તન અને કુદરતી સંસાધનો જેવા પડકારોથી ખેડૂતોનું રક્ષણ કરવા નવી યોજનાઓ ઘડવા આહ્વાન કર્યું છે.

ભુવનેશ્વરમાં ઓડિશા કૃષિ એન્ડ ટેક્નોલોજી યુનિવર્સિટીના 40મા દીક્ષાંત સમારોહમાં જણાવ્યું કે, કૃષિ અને કૃષિ વૈજ્ઞાનિકોનાં સશક્તિકરણ માટે લેટેસ્ટ ડ્રોન ટેકનોલોજી, રિમોટ સેન્સિંગ, કૃત્રિમ બુધ્ધિમત્તા અને નેનો ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ.

**RNU** અમદાવાદ

---

## વિશ્વ જમીન દિવસ

આજે પાંચમી ડિસેમ્બરે વિશ્વ જમીન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો.

જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે પાંચમી ડિસેમ્બરને “વિશ્વ જમીન દિવસ” તરીકે મનાવવામાં આવે છે. સૉઈલ હેલ્થકાર્ડ યોજનાની વાત કરીએ તો છેલ્લા 2 દાયકામાં રાજ્યના ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. તેમજ જમીનની તંદુરસ્તી માટે આ અનોખી યોજના અમલમાં મુકવાવાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય પણ બન્યું છે.

**RNU** અમદાવાદ

---

## લોન – સહાય વિતરણ કાર્યક્રમ

કચ્છ અને સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આવતીકાલે વિવિધ નિગમોની યોજનાઓ માટે લોન સહાય વિતરણ કાર્યક્રમ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં યોજશે.  જેમાં ૧ હજાર ૮૪૦ લાભાર્થીઓને ૩૪ કરોડ ૩૫ લાખ રૂપિયાની વિવિધ લોન સહાયનું વિતરણ કરાશે. ભુજ ટાઉનહોલ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતાના રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહજી પરમાર પણ ઉપસ્થિત રહેશે.

BHUJ

**RNU અમદાવાદ**

---

## મહિલા જાગૃતિ સેમિનાર

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ભુજ દ્વારા અંજાર તાલુકાના કોટડા ઉગમણા ખાતે જાગૃતિ સેમીનાર યોજાયો હતો. જેમાં મહિલાઓને કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૦૫ અંગે માહિતી આપવામાં આવી હતી.

જેમાં આ કાયદાની જરૂરિયાત તથા ઐતિહાસિક પૂર્વ ભૂમિકા, ઘરેલું હિંસાની વ્યાખ્યા, ફરિયાદ કોની સામે થઇ શકે તથા કેવી રીતે ફરિયાદ કરવી, વગેરે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

આ ઉપરાંત, મહિલા અને બાળ વિકાસ વિભાગની પ્રવુતિઓ, જેન્ડર સંવેદનશીલતા વિશે પણ  માહિતી આપવામાં આવી હતી.

**અસરફ નથવાણી**

---

## કિસાન પરીવહન યોજના

ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત કિસાન પરિવહન યોજના વર્ષ ૨૦૨૪-૨૫ માટે આઈ ખેડૂત પોર્ટલ પર આજથી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ  યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા ખેડૂતોએ આ પોર્ટલના માધ્યમથી અરજી કરવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી કે ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા કચ્છ જિલ્લા ખેતીવાડી કચેરીની યાદીમાં  જણાવાયું છે.

અસરફ નથવાણી

---

## તટરક્ષક દળ દ્વારા ખલાસીઓ બચાવાયા

ભારતીય તટ રક્ષક દળ દ્વારા પોરબંદરથી ઈરાન જઇ રહેલી બોટમાંથી 12 ખલાસીઓને બચાવી લેવાયા છે. પોરબંદરથી માલસામાન લઈને ઈરાન જઈ રહેલી બોટ દ્વારકાથી ૨૭૦ કિમી દૂર તોફાની દરિયાના કારણે ડૂબવા લાગી હતી. જે અંગે ભારતીય તટ રક્ષક દળના આઈસીજીએસ સાર્થક દ્વારા બચાવ કાર્ય હાથ ધરાયું હતું અને મધદરીયે ડૂબી રહેલી બોટમાંથી ૧૨ ખલાસીઓને બચાવાયા હતા. બચાવ બાદ તમામ ખલાસીઓને પોરબંદર પરત લઈ જવાયા હતા.

અસરફ નથવાણી

---

## ખેલ મહાકુંભ

રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં યોજાનારા ત્રીજા તબક્કાના ખેલ મહાકુંભ માટે આજથી ઑનલાઈન નોંધણીનો પ્રારંભ થયો છે. ઈચ્છુક ખેલાડીઓ 25 ડિસેમ્બર સુધી નોંધણી કરાવી શકશે. આ વખતે 39 રમત પૈકી 32 ઑલિમ્પિક રમતો અને સાત નવી રમતો રમાશે. જ્યારે વિશેષ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત 25 પેરા-સ્પૉર્ટ્સ જેવી રમતોનું પણ આયોજન કરાયું છે. તેની નોંધણી આજથી શરૂ થઈ છે. ખેલ મહાકુંભ આગામી 31 માર્ચ 2025 સુધી યોજાશે.

અસરફ નથવાણી

---

## ખિલખિલાટ વાહનો

રાજ્ય સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ગત વર્ષ દરમિયાન કુલ ૧૮ લાખ ૪૫ હજારથી વધુ લાભાર્થીઓને ખિલખિલાટ વાહનો દ્વારા મફત પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. હાલ રાજ્યમાં ૪૧૪ ખિલખિલાટ વાહનો સેવામાં કાર્યરત છે. જે રાજ્યની તમામ સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓને બિન-ઇમરજન્સી કિસ્સાઓમાં ઘરેથી આરોગ્ય સુવિધા, રેફરલ અને આરોગ્ય સુવિધાથી ઘર સુધી નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે. મફત પરિવહન સેવાથી લાભાર્થીઓ આરોગ્યસંભાળ સેવાઓ મેળવવા માટે પ્રોત્સાહિત થાય છે.

આ યોજના અંતર્ગત જાહેર આરોગ્ય સંસ્થામાં પ્રસુતિ પછી માતા અને નવજાત શિશુને આરોગ્ય સંસ્થાથી ઘરે પરત મુકવાની મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે.

અસરફ નથવાણી

---

## હવામાન

દેશનાં ઉત્તર-પૂર્વીય પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલી સતત હિમવર્ષાની અસરથી આગામી બે થી ત્રણ દિવસ બાદ જીલ્લામાં ઠંડી વધવાની સંભાવના છે.

નલિયા 11.5 ડિગ્રી સાથે આજે રાજ્યનું ઠંડુ શહેર બન્યું હતું. તો જિલ્લા મથક ભુજ 17.2 ડિગ્રી અને કંડલામાં 19.4 ડિગ્રી સેલ્સિલય લઘુતમ તાપમાન નોંધાયું હતું. જિલ્લામાં વાતાવરણીય વિષમતા યથાવત રહી છે.

**અસરફ નથવાણી**

---

RNU BHUJ